# કર્મચારી અધિકાર પત્રક

**મેગ્ના તેના સંચાલકીય ખ્યાલ પ્રત્યે પ્રતિબદ્ધ છે, જે લોકોની ચિંતા અને ઔચિત્ય પર આધારીત છે. આ ખ્યાલ મેગ્નાના ફેર એન્ટરપ્રાઈઝ માહોલના ભાગરૂપ છે જેમાં કર્મચારી અને વહિવટીતંત્ર કંપનીની સફળતા માટે જવાબદારીની વહેંચણી કરે છે. તેમાં આ સિદ્ધાંતો સમાવિષ્ટ થાય છે:**

## નોકરીની સલામતી

સારી કિંમત માટે સારી પ્રોડક્ટ બનાવીને સ્પર્ધાત્મક રહેવું એ નોકરીની સલામતી માટેનો શ્રેષ્ઠ માર્ગ છે. તમારી નોકરીની સલામતીના રક્ષણ માટે મદદરૂપ થવા માટે મેગ્ના તમારી સાથે મળીને કામ કરવા માટે પ્રતિબદ્ધ છે. તમને સહકાર આપવા માટે મેગ્ના સલાહ, તાલીમ અને કર્મચારી સહકાર કાર્યક્રમો આપશે.

## સુરક્ષિત અને આરોગ્યપ્રદ કાર્યસ્થળ

મેગ્ના સુરક્ષિત અને આરોગ્યપ્રદ કાર્ય માહોલ પુરો પાડવા માટે કટિબદ્ધ છે.

## ઉચિત વ્યવહાર

મેગ્ના વ્યક્તિની લાયકાત અને કાર્યદેખાવના આધારે સમાન તકો પુરી પાડે છે, જેમાં ભેદભાવ કે તરફેણના તત્વો હોતા નથી.

## સ્પર્ધાત્મક વેતન અને લાભો

મેગ્ના તમને એવી માહિતી પુરી પાડશે કે જેમાં તમારી સીધી સ્પર્ધામાં હોય તેવી કંપનીઓ અને સ્થાનિક કંપનીઓના તમારા વિભાગના કર્મચારીઓની કમાણી સાથે તમને મળતા વેતન અને લાભો સહિતના ભથ્થાની સરખામણી કરી શકશો. જો તમારું કુલ ભથ્થું સ્પર્ધાત્મક ન જણાય તો તેને સુધારવામાં આવશે.

## કર્મચારીના શેર અને ફાયદામાં ભાગીદારી

મેગ્ના માને છે કે કંપનીની નાણાકીય સફળતામાં પ્રત્યેક કર્મચારીનો હિસ્સો હોવો જોઈએ.

## પ્રત્યાયન અને માહિતી

વહિવટી તંત્ર અને કર્મચારીઓ વચ્ચેની નિયમિત માસિક બેઠક મારફતે અને પ્રકાશનો થકી મેગ્ના તમને એવી માહિતી પ્રદાન કરશે કે જેથી તમારી કંપની અને તમારા ઉદ્યોગમાં શું ચાલી રહ્યું છે તેની જાણકારી તમને મળશે.

## હોટલાઈન

જો તમને કોઈ સમસ્યા હોય કે લાગતું હોય કે ઉપરોક્ત સિદ્ધાંતો પરિપૂર્ણ નથી થઈ રહ્યાં તો તમારી ફરિયાદ નોંધવા માટે હોટલાઈનનો સંપર્ક કરવા અમે તમને પ્રોત્સાહન પુરૂ પાડીએ છીએ. તમારે તમારું નામ આપવાની જરૂર નથી, પરંતુ જો તમે આપશો તો, તેને સંપૂર્ણ ગોપનિયતા હેઠળ રાખવામાં આવશે. હોટલાઈનના તપાસકર્તાઓ તમારો સંપર્ક સાધશે.

હોટલાઈન તમામ ચિંતાઓ અને ફરિયાદોની તપાસ અને નિવારણ લાવવા માટે પ્રતિબદ્ધ છે તેમજ મેગ્નાના ગ્લોબલ હ્યુમન રીસોર્સીસ ડીપાર્ટમેન્ટને પરિણામ સોંપવાનું રહેશે.

હોટલાઈન નંબર: 0008004402485

MAGNA

ECMGuIN201510